સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૮-૨-૯૯ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

********************

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૧-૧-૯૯ ના પત્ર નં.સીસી/૮/૪૦ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ઈ.ચા.ટાઉનપ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની હદમાં ઉધના- લીંબાયત વિસ્તારમાં મુસદ્દારૂપ નગર યોજના, સુરત નં.૩૯ (ઉધના લીંબાયત) ને તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૩૯ (ઉધના લીંબાયત) બનાવવા ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનને બે સ્થાનિક દૈનિક પત્રોમાં બહોળો ફેલાવો કરવા એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૯/'૯૯ સર્વાનુમતે મંજુર.</u>

૨. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૧૦-૨-૯૯.